# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-07-2024** **Morning : 7.45 to 7.55**
**Day : Wednesday** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

*************************************************

- ✓ હાથરસમાં ધાર્મિક કાર્યક્રમમાં નાસભાગથી સર્જાયેલી દુર્ઘટનાનો મૃત્યુઆંક વધીને 116 થયો.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો રાજ્યસભામાં જવાબ આપશે.
- ✓ નવી દિલ્હીમાં આજથી બે દિવસની ગ્લોબલ ઇન્ડિયા AI સમિટનો પ્રારંભ
- ✓ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર માટે શિક્ષકો પાસેથી અરજીઓ મંગાવી
- ✓ નૈઋત્યનાં ચોમાસાએ સમગ્ર દેશનાં તમામ ભાગોને આવરી લીધા : આસામમાં પુરથી 11 લાખ લોકોને અસર
- ✓ ટી 20 વિશ્વકપ વિજેતા ભારતીય ટીમ આજે સ્વદેશ પરત ફરશે.

********************************************

# HATHRAS STAMPEDE

**ઉત્તર પ્રદેશના હાથરસ જિલ્લાના એક ગામમાં ધાર્મિક કાર્યક્રમ દરમિયાન થયેલી નાસભાગમાં મૃત્યુઆંક વધીને 116 થયો છે. ગઈકાલે સિકન્દ્રા રાવ તાલુકાનાં પુલરાઈ ગામમાં ધાર્મિક સત્સંગ દરમિયાન આ ઘટના બની હતી.**

અધિકારીઓએ જણાવ્યું હતું કે, સત્સંગ પૂર્ણ થયા બાદ ભકતો ભોલે બાબાને મળવાનો પ્રયત્ન કરી રહ્યા હતા ત્યારે ધક્કામુક્કી થઈ હતી. ઉત્તરપ્રદેશના મુખ્ય સચિવ મનોજકુમાર સિંહે જણાવ્યું કે, અત્યાર સુધી 72 મૃતદેહોની ઓળખ થઈ ચૂકી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મૃતકોના પરિવાજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને ઘટનાના કારણોની તપાસ માટેનો આદેશ આપ્યો છે.

આગ્રા ઝોનના એડીજીના અધ્યક્ષપદે ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના કરવામાં આવી છે, જે 24 કલાકમાં તેનો અહેવાલ રજૂ કરશે.

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ આ કરૂણ ઘટના અંગે શોક વ્યક્ત કર્યો છે. પ્રધાનમંત્રીએ દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોનાં નજીકનાં સગા માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ અને ઇજાગ્રસ્તને રૂપિયા 50 હજારનું વળતર આપવાની જાહેરાત કરી છે.

................................................................

# PM - RAJYA SABHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપશે.

ગઈકાલે લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપતા શ્રી મોદીએ જણાવ્યું કે, તેમની સરકારની ઐતિહાસિક સતત ત્રીજી મુદત વિકાસની ગતિ અને સાતત્યતા માટેનો જનાદેશ હતો. તેમણે નિર્ધાર વ્યક્ત કર્યો હતો કે તેમની સરકાર આગામી પાંચ વર્ષ માટે ત્રણ ગણી

ઝડપથી કાર્ય કરશે અને ભારતને વિકાસના આગામી તબક્કા સુધી પહોંચાડીને 2047 સુધીમાં વિક્સિત ભારતનાં લક્ષ્યને સાકાર કરશે. શ્રી મોદીએ જણાવ્યું કે, તેમની સરકાર પ્રશ્નપત્રો ફુટવાની ઘટનાઓ સામે યુધ્ધનાં ધોરણે પગલાં લઈ રહી છે અને યુવાનોનાં ભાવિ સાથે ચેડાં કરનારાને છોડવામાં નહીં આવે.

અગાઉ ચર્ચામાં ભાગ લેતાં વિરોધ પક્ષોએ નીટ સહિતની પરિક્ષામાં ગેરરિતી મુદ્દે સરકારની જવાબદારી નક્કી કરવાની માંગણી કરી હતી.

ગઈ કાલે લોકસભામાં આભાર પ્રસ્તાવ પસાર થયા બાદ ગૃહને અચોક્કસ મુદત સુધી મુલતવી રાખવામાં આવ્યું હતું. અધ્યક્ષ ઓમ બિરલાએ આ અંગેની જાહેરાત કરતા જણાવ્યું હતું કે,  સત્ર દરમિયાન ગૃહમાં 103 ટકા કાર્યવાહી થઈ હતી અને 539 સભ્યોએ શપથ લીધા હતા.

..............................................................

# AI GLOBAL SUMMIT

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવ, આજે નવી દિલ્હીમાં ગ્લોબલ ઇન્ડિયા AI સમિટનું ઉદ્ઘાટન કરશે. આ બે દિવસીય સંમેલનનો હેતુ AI ટેક્નૉલોજીના નૈતિક અને સમાવેશી વિકાસ પ્રત્યે ભારતના સમર્પણને દર્શાવતા, સહકાર તેમજ માહિતીના આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવાનો છે.

ભારત કૃત્રિમ બુદ્ધિમત્તા વૈશ્વિક સહયોગના અધ્યક્ષ તરીકે કામ કરશે. જે અંતર્ગત સુરક્ષિત, સંરક્ષિત અને વિશ્વાસપાત્ર AI માટે GPAIની પ્રતિબદ્ધતાને આગળ ધપાવવા માટે સભ્ય દેશો તેમજ નિષ્ણાતો માટે યજમાની પણ કરશે.

આ સંમેલન કમ્પ્યૂટર ક્ષમતા, આધારભૂત મૉડલ, ડેટાસેટ, એપ્લિકેશન વિકાસ, ભવિષ્યના કૌશલ, સ્ટાર્ટઅપ રોકાણ અને સુરક્ષિત AI જેવા અનેક ક્ષેત્રોમાં AIના વિકાસ મુદ્દે ધ્યાન કેન્દ્રિત કરશે.

……………………………………………………………

# SCO Summit

કેન્દ્રીય વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકર ગઈ કાલે કઝાકસ્તાનના અસ્તાના પહોંચ્યા હતા. તેઓ અહીં આવતી કાલે યોજાનારા શાંઘાઈ સહકાર સંગઠનના શિખર સંમેલન ખાતે ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. સંમેલનમાં નેતાઓ છેલ્લાં બે દાયકમાં સંગઠનની પ્રવૃતિઓની સમીક્ષા કરશે.

……………………………………………………………

# NATIONAL TEACHER AWARDS

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર 2024 માટે પાત્રતા ધરાવતી શિક્ષકો પાસેથી અરજીઓ મંગાવી છે. અરજી સ્વીકારવાની અંતિમ તારીખ 15 જુલાઈ છે.

મંત્રાલયે જણાવ્યું છે કે, આ વર્ષે જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ત્રણ તબક્કાની પસંદગી પ્રક્રિયા દ્વારા કુલ 50 શિક્ષકોની પસંદગી કરવામાં આવશે. નવી દિલ્હીમાં પાંચ સપ્ટેમ્બરે શિક્ષક દિવસનાં રોજ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુના હસ્તે પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

પાત્રતા ધરાવતા શિક્ષકો શિક્ષણ મંત્રાલયના પોર્ટલ પર www.નેશનલએવોર્ડસ ટુ ટિચર્સ એજ્યુકેશન ડોટ gov.in પર પોતાની અરજીઓ મોકલી શકે છે.

.......................................................................

# NSP-SCHOLARSHIP

નેશનલ મીન્સ કમ-મેરિટ સ્કોલરશીપ યોજના હેઠળ શૈક્ષણિક વર્ષ 2024-25 માટે રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ પર નોંધણી શરૂ કરવામાં આવી છે.

શિક્ષણ મંત્રાલયે જણાવ્યું છે કે, એક વખતની નોંધણી તેમજ શિષ્યવૃત્તિ માટે નવી  અરજીઓ કરવા માટે પોર્ટલ ખુલ્લું મુકવામાં આવ્યુ છે. જે અંતર્ગત અરજી કરવાની છેલ્લી તારીખ 31મી ઓગસ્ટ છે.

ઉલ્લેખનીય છે કે, શિષ્યવૃત્તિ માટે અરજી કરવા માટે 14 અંકનો એક વખતનો નોધણી નંબર - ઓટીઆર જરૂરી છે.  જે વિદ્યાર્થીઓએ અગાઉથી આ નંબર મેળવ્યો છે તેઓ પોર્ટલ પર સીધી અરજી કરી શકે છે.

.......................................................................

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

..............................................................

# INDIA MONSOON

**નૈઋત્યનું ચોમાસું દેશના તમામ ભાગોને આવરી ચૂક્યું છે. દેશના મોટાભાગના રાજ્યોમાં નિર્ધારિત સમય કરતાં વહેલું ચોમાસું પહોંચ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને બાકીના ભાગોમાં પણ ચોમાસું પહોંચી ચૂક્યું છે.**

**ગુજરાત, બિહાર, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, આસામ, નાગાલેંન્ડ, મણિપુરા, મિઝોરમ, ત્રિપુરા અને મેઘાલયમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. આગામી ચારથી પાંચ દિવસોમાં પશ્ચિમ, પૂર્વીય અને પૂર્વોત્તર ભારતમાં ચોમાસું સક્રીય થવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.**

**આસામમાં પૂરને કારણે સ્થિતિ વધુ વણસી છે. 28 જિલ્લામાં 11 લાખથી વધુ લોકોને અસર થઈ છે. છેલ્લાં 24 કલાકમાં તિનસુકિયા અને ધેમાજી જિલ્લામાં વધુ ત્રણ લોકોનાં મૃત્યુ થતા મૃત્યુઆંક વધીને 38 થયો છે.**

પુરને કારણે આસામના બે હજાર, 208 ગામોને અસર થઈ છે અને 42 હજાર હેક્ટર વિસ્તારની ખેતીને નુકસાન થયું છે. રાજ્યની બ્રહ્મપુત્રા, બરાક નદી અને તેની તમામ પ્રશાખાઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે.

દરમિયાન, હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદને પગલે ઠેર ઠેર ભૂસ્ખલનના અહેવાલો છે. હવામાન વિભાગે આગામી 24 કલાકમાં રાજ્યના મેદાની અને મધ્ય પર્વતીય વિસ્તારોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે, અને પ્રવાસીઓને સતર્ક રહેવા જણાવ્યું છે. પ્રવાસીઓને ભૂસ્ખલન ગ્રસ્ત વિસ્તારો અને નદીઓ અને નાળાઓ નજીક ન જવા સૂચના આપવામાં આવી છે. રાજ્યમાં 6 જુલાઈ સુધી ભારે વરસાદની સંભાવના છે.

.................................................................

# TEAM INDIA

ટી20 વિશ્વકપ વિજેતા ભારતીય ટીમ આજે બારબાડોસથી સ્વદેશ પરત ફરે તેવી સંભાવના છે. બારબાડોસમાં ચક્રવાતી વાવાઝોડાને કારણે હવાઈ સેવાઓ સહિતની સેવાઓ અવરોધાતા, ભારતીય ટીમના પરત ફરવામાં વિલંબ થયો છે.

અમેરિકાના રાષ્ટ્રીય ચક્રવાત કેન્દ્રના અહેવાલ પ્રમાણે મંગળવારે તીવ્રતાની રીતે ચોથી શ્રેણીમાં રહેલું બેરીલ વાવાઝોડું જમૈકા તરફ આગળ વધતા વિન્ડવર્ડ ટાપુ ઉપર પહોંચતા અત્યંત જોખમી શ્રેણીમાં પરિણામ્યું છે.

.................................................................

# EURO CUP

ફુટબોલમાં તુર્કીએ ગઈકાલે જર્મનીમાં ઓસ્ટ્રિયાને 2-1થી હરાવીને UEFA યુરોપિયન ફુટબોલ ચેમ્પિયનશીપની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

તુર્કીના ડિફેન્ડર મેરિહ ડેમિરલે માત્ર 57 સેકન્ડમાં જ ગોલ કરીને યુરોપિયન ચેમ્પિયનશીપનાં નોક આઉટ રાઉન્ડમાં સૌથી ઝડપી ગોલનો નવો વિક્રમ સર્જ્યો હતો. ડેમિરલે 59મી મિનિટમાં બીજો ગોલ કર્યો હતો, જ્યારે ઓસ્ટ્રિયાના માઇકલ ગ્રેગોરિટ્શે તેમનો એક માત્ર ગોલ કર્યો હતો. તુર્કી હવે આગામી રવિવારે નેધરલેન્ડ્સ સામે રમશે.

અગાઉ નેધરલેન્ડ્સે રોમાનિયાને ત્રણ શૂન્યથી હરાવીને 16 વર્ષમાં પ્રથમ વાર ક્વાર્ટર ફાઇનલ્સમાં પ્રવેશ કર્યો હતો.

..............................................................

# WIMBLEDON

વિમ્બલ્ડન ટેનિસમાં પુરુષોની સિંગલ્સનાં પ્રથમ રાઉન્ડમાં નોવાક જોકોવિકે ઝેકોસ્લોવેકિયાના વિટ કોપ્રિવાને ત્રણ સીધા સેટોમાં પરાજ્ય આપ્યો હતો. નોવાકનો મુકાબલો હવે જેકોબ ફર્નલી અથવા ક્વોલિફાયર એલેજાન્દ્રો મોરો સાથે થશે. મહિલા સિંગલ્સમાં સ્પેનની  જેસિકા બોઝાસે ઝેક પ્રજાસત્તાકની વર્તમાન ચેમ્પિયન માર્કેટા વોન્દ્રોસુવાને સીધા સેટમાં હરાવી ભારે અપસેટ સર્જ્યો હતો.

કારકિર્દીનું માત્ર ત્રીજું ગ્રાન્ડ સ્લામ રમતા વિશ્વની 83મી ક્રમાંકિત બોઝાસે માત્ર 67 મિનિટમાં માર્કેટાને પરાજય આપ્યો હતો.

..................................................................

# AMARNATH YATRA - JAMMU

વાર્ષિક અમરનાથ યાત્રા માટે પાંચ હજાર 725 યાત્રીઓની છઠ્ઠી બેચ આજે વહેલી સવારે યાત્રી નિવાસ બેઝ કેમ્પથી રવાના થઈ હતી.

અમારા જમ્મુના પ્રતિનિધી જણાવે છે કે, યાત્રીઓએ 238 જૂથમાં યાત્રાનો પ્રારંભ કર્યો હતો, જેમાં ચાર હજાર 481 પુરુષ, 1034 મહિલા, 25 બાળકો, 173 સાધુ અને 12 સાધ્વીનો સમાવેશ થાય છે.

આમાંથી બે હજાર 514 યાત્રીઓ બાલતાલ અને 3 હજાર 211 યાત્રીઓ પહલગામ બેઝ કેમ્પ માટે રવાના થયા હતા.

..................................................................